## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**જો... આપણી કુતરાનાં લાડુ બનાવવાની એક્ટીવીટી કવર કરવા ફોટોગ્રાફર આવ્યા છે... લાડુ આગળ કર આપણાં... ગોટા જલેબી... પાછળ રાખજે..!!**

# સે-૬ પોસ્ટ ઓફિસનો વહીવટ ખાડે સિનિયર સિટિઝન્સ ધક્કે ચઢયા

## પોસ્ટ ઓફિસમાં ઓન લાઈન વહીવટ પણ મશીનરી કંગાળ: પ્રિન્ટર બગડેલી હાલતમાં, રોજ કલાકો સુધી કતારમાં ઉભા રહેતા નાગરિકો આગ બબુલા : માત્ર બે મહીલા કર્મચારીઓથી કામ ચાલે છે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરની પોસ્ટલ કચેરીઓમાં કોરબેંકીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. પાસ્ટ ઓફિસમાં ઓન લાઈન વહીવટી પ્રક્રીયા ગ્રાહકો માટે હાલ શિરદર્દ સમાન બની છે. સે-૬ની પોસ્ટ કચેરીમાં મેન પાવર અને મશીનરીના અભાવે સિનિયર સિટિઝન્સ કલાકો સુધી લાઈનમાં ઉભા રહીને પણ વિલા મોં એ પરત થવાનો વારો આવ્યો છે. લાંબી કતારમાં ઉભા રહીને પણ ધક્કા ખાવાનો વારો આવતા શહેરીજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. ઓનલાઈન કામગીરીની સાથે યોગ્ય ઉપકરણો ઉપલબ્ધ ન હોવાથી પોસ્ટ કચેરીનુ કામકાજ હાલના તબક્કે સાવ ખાડે ગયુ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે.

નગરની પોસ્ટ કચેરીઓમાં આજકાલ સિનિયર સિટિઝન્સ તેમજ મહીલાઓએ પણ કલાકો સુધી



કતારમાં ઉભા રહેવુ પડે છે. મેન પાવર અને યોગ્ય મશીનરીના અભાવના લીધે ઓનલાઈન કામગીરી અત્યંત મંદ ગતિએ ચાલે છે. વારંવાર ખોટવાતા ઉપકરણો તેમજ સ્ટાફના અભાવે હોવાથી નાગરિકોએ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવુ પડે છે. આમછતા સિનિયર સિટિઝન્સનુ કામ નિપટતુ નથી. સે-૬ની પોસ્ટ કચેરીમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી આ મામલે કકળાટ પ્રવર્તયો છે. પોસ્ટ કચેરીમાં નાણાંકીય વ્યવહાર તેમજ બીલના ચુકવણાં માટે આવતા નાગરિકોનો જાણે અડધો દિવસ અહીં જ પુરો થઈ જાય છે.

જુના અને જર્જરિત સરકારી આવાસમાં કાર્યરત સે-૬ની પોસ્ટ કચેરી હાલ માત્ર બે મહીલાઓ કર્મચારી ચલાવે છે. સબ પોસ્ટ માસ્ટરની જગ્યા પણ ચાર્જમાં છે. પ્રિન્ટર પણ બગડેલી હાલતમાં છે.આવનાર અરજદારના ટ્રાન્ઝેકશન પાછળ ૧૦ મિનિટથી પણ વધુ સમય લાગે છે. વારંવાર સિસ્ટમ પણ ખોટવાય છે. જેના પરિણામે સિનિયર સિટિઝન્સ તોબા પોકારી ગયા છે. ઓનલાઈન કામગીરી કરતા પુર્વે આમ નાગરિકોનો સમય ન બગડે તે માટે જરૂરી વૈકલ્પિક વ્યવસ્થા ન થતા નાગરિકોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. પોસ્ટ કચેરીની કામગીરી ઓનલાઈન કરવાની સાથે જરૂરી મેન પાવર અને ઉપકરણોની સુવિધા પણ અપગ્રેડ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ પટેલના પિતાશ્રી બળદેવભાઈ પટેલનું પલિયડ ખાતે અવસાન થયું છે.

● સચિવાલય સંકુલના આંતરિક માર્ગોનું રિસરફેસીંગનું કામ ચાલી રહ્યું છે.

● જુના સચિવાલય સંકુલ (જીવરાજ મહેતા ભવન) ખાતે આવેલ કેન્ટીનની સુવર્ણ જયંતિની ઉજવણી આજે થશે જેમાં પૂર્વ ડિરેકટરોનું સન્માન કરવા ઉપરાંત ડાયરાનું આયોજન કરાયું છે.

● સચિવાલય સંકુલનો ગેટ નં. ૬ નવો બનતાં તે કાર્યરત કરી દેવામાં આવ્યો છે.

● ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે ૧૦મી સુધી ડેટા એન્ટ્રી કરાવી લેવાની રહેશે.

● ગાંધીનગર શહેરમાંથી ઠંડી લગભગ ગાયબ થઈ જવા પામી છે. જો કે રાત્રિના સમયે વાતાવરણ ઠંડુ જરૂર થઈ જાય છે.

● જિલ્લામાં આવાસ યોજનાના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતાને પગલે જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટ અન્ય જિલ્લામાં ટ્રાન્સફર કરવાના આદેશો રાજય સરકારે કર્યા છે.

# પીધેલાનો કેસ નહી કરવા કોન્સ્ટેબલે ૭૦ હજાર માંગ્યા..!

ગાંધીનગર, તા. ૮

પેથાપુર પોલીસમથકના કોન્સ્ટેબલે દારૂ પીધેલ યુવાનને પકડ્યા બાદ કેસ નહી કરવા માટે રૂ. ૭૦ હજાર માંગ્યા હતા. રૂ. ૪૦ હજારમાં ડીલ નક્કી થઈને તબક્કાવાર ૩૦ હજાર રૂપિયા કોન્સ્ટેબલે લઈ લીધા હતા. આજે બાકીના રૂ. ૧૦ હજાર આપવાના હતા. જે અનુસંધાને યુવાને ગાંધીનગર એસીબીમાં ફરીયાદ કરતાં આજે ટ્રેપ ગોઠવવામાં આવી હતી. જો કે કોન્સ્ટેબલને શંકા પડતા રૂપિયા સ્વિકાર્યા ન હતા. પરંતુ હેતુલક્ષી વાતચીત કરી હોવાથી તેની સામે લાંચની માંગણીનો ગુનો દાખલ કરી એસીબી પીઆઈ એમ.જે. ક્રિશ્ચિયને ઊંડી તપાસ શરૂ કરી છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામમાં રહેતા વિશાલ ગોવિંદભાઈ રાવલ ૪ જાન્યુઆરીના રોજ તેના મિત્ર સાથે વાહન લઈને નીકળ્યા હતા ત્યારે પેથાપુર પોલીસ કોન્સ્ટેબલ જીતુભા વાઘેલાએ તેમને ચેક કરતા પીધેલા હોવાનું ધ્યાને આવ્યું હતું. દારૂ પીધેલાનો કેસ નહી કરવા જીતુભાએ રૂ. ૭૦ હજારની માંગણી કરી હતી જે અંતે રૂ. ૪૦ હજારમાં ડીલ નક્કી થઈ હતી. જે પૈકી રૂ. ૨૦ હજાર તાત્કાલિક લીધા હતા અને બીજે દિવસે રૂ. ૧૦ હજાર એમ રૂ. ૩૦ હજાર લઈ લીધા હતા અને બાકીના રૂ. ૧૦ હજાર આજે આપવાના હતા. આ અંગે વિશાલે એસીબીને ફરીયાદ કરતા પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયને ટ્રેપ ગોઠવી હતી પરંતુ રૂપિયા આપવા ગયા ત્યારે જીતુભાને શંકા જતા રૂપિયા સ્વિકાર્યા ન હતા પરંતુ હેતુલક્ષી વાતચીત કરી હતી. જે અનુસંધાને એસીબીએ કોન્સ્ટેબલ સામે લાંચની માંગણી અંગે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.





ગુણોત્સવના કાર્યક્રમ અન્વયે નવા કોબા ગામમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જાગાણી, સરપંચ યોગેશ બી. નાયી તેમજ ગ્રામજનોની હાજરીમાં ગામને સ્પર્શતા પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ તબક્કે વડાપ્રધાનના નિર્મળ ગામ અને સ્માર્ટ સ્કૂલના અભિગમને સાર્થક કરવા ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી.

# પેટ્રોલ-ડિઝલમાં રાજ્ય સરકાર વધારેલો વેટ પાછો ખેંચે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકારે વેટના દર વધારવાના કરેલા નિર્ણયને તાત્કાલિક




અસરથી પરત ખેંચવાની માંગણી સાથે આજે શહેર-જિલ્લા કોંગ્રેસે આવેદન-પત્ર કલેક્ટર શ્રી રવિશંકરને આપ્યું હતું.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે સત્યાગ્રહ છાવણી, સે. ૬ ખાતે મોંઘવારી તથા ભાજપ સરકારે પેટ્રોલ-ડીઝલ ઉપર વેટ વધારો કરી પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવાથી જીવન જરૂરીયાતની ચીજોના ભાવ વધારાના વિરૂદ્ધમાં ધરણા તથા કલેકટરશ્રીને આવેદન-પત્ર આપવાનો કાર્યક્રમ શહેર તથા જિલ્લાના કાર્યકરોની મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

જેમાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી-પ્રવકતા શ્રી નીશીત વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોર, પ્રભારી શ્રીમતી માયબેન દવે, ગાંધીનગર મનપાના કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, દહેગામના ધારાસભ્ય શ્રીમતી કામીનીબા રાઠોડ, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી એલ.એન. પરમાર, બાબુસિંહ ઝાલા, શ્રીમતી ભાનુમતીબેન રોહિત, શ્રી કે.પી. સોલંકી, શ્રી ચીમનભાઈ વિંઝુડા, જીતુ રાયકા, હર્ષદીત પંડ્યા, રાજેન્દ્રસિંહ ચાવડા, તેજાભાઈ દેસાઈ, અશોક શ્રીમાળી, રાકેશ જાની, પીંકીબેન પટેલ, ઈન્દુબેન રાવલ, બાબુજી ઠાકોર, હસમુખ મકવાણા, મંગલસિંહ સોલંકી, જશીબેન શ્રીમાળી વિમળાબેન વેગળા, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, નગરપાલિકાના સદસ્યશ્રીઓ યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ,સેવાદળ, મહિલા કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## શહેર મોચી સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા તાજેતરમાં સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરાયા હતા. સમારોહમાં ગિરીશભાઈ યાદવ અને મહેન્દ્રભાઈ રાઠોડે ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. ફિલ્મો ગીતોની રજૂઆત કરી સમગ્ર વાતાવરણ આહલાદિત બનાવી દીધું હતું. આ સમારોહમાં મોટી સંખ્યામાં સમાજના પરિવારજનો હાજર રહ્યા હતા. સમાજના પ્રમુખ ભગવાનભાઈ ગોહિલ તથા મંત્રી મહેન્દ્રભાઈ રાઠોડ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ૭ નગરપાલિકાના વોર્ડની રચનાના હુકમ

રાજય ચૂંટણી પંચ ગાંધીનગર દ્વારા અમરેલી જિલ્લાની દામનગર અને બાબરા, ગીર-સોમનાથ જિલ્લાની સૂત્રાપાડા અને તલાલા, તેમજ સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા અને પાટડી નગરપાલિકા મળી કુલ ૬ નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આખરી આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

## ગાંધીનગર ગ્રાહક સુરક્ષા સેલના પ્રમુખ તરીકે કમલેશભાઈ જોષીની નિમણૂક



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ગાંધીનગર ખાતે ગ્રાહક સુરક્ષા સેલ (જી.પી.સી.સી.) ગુજરાતના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ તરીકે કમલેશભાઈ રણછોડલાલ જોષીની નિમણુંક કરવામાં આવી છે. તેઓ ટૂંક જ સમયમાં પોતના હોદ્દાનો ચાર્જ સંભાળી લેશે. તદ ઉપરાંત જિલ્લાના તાલુકા શહેરમાં પણ ગ્રાહક સુરક્ષા માટે પદાધિકારીઓની નિમણુંક કરશે.

# ગાંધીનગરના આશાસ્પદ ક્રિકેટરને અન્યાય

## બીસીસીઆઈના ઈતિહાસમાં પ્રથમવાર ઝોનલ કેમ્પ માટે પસંદગી થઈ હતી તેમ છતાં જીસીએની સગાવાદ નીતિને કારણે અંડર-૧૯ ટીમમાં બે વર્ષથી બાદબાકી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના ઉભરતા હોનહાર ક્રિકેટરના શ્રેષ્ઠતમ દેખાવ છતાં ગુજરાત ક્રિકેટ એસોસીએશનના કિન્નાખોરી અને સગાવાદની નીતિને કારણે અંડર-૧૯ ક્રિકેટ ટીમમાંથી બાદબાકી કરવામાં આવેલ છે. અને કેટલાક અધિકારીઓ દ્વારા આ પ્રતિભાશાળી આશાસ્પદ ફાસ્ટ બોલરની કારકિર્દી ખતમ કરવાનો કારસો રચવામાં આવી રહ્યો હોવાની ફરિયાદ યુવાન જયવિરસિંહના પિતાએ કરી છે.

ગાંધીનગરના પ્રભાવશાળી ક્રિકેટર જયવીરસિંહ પરમારના પિતા કનકસિંહ પરમારે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગુજરાત યુનિ. દ્વારા ઈન્ટર યુનિ. ક્રિકેટ ટીમની પસંદગીમાં વારંવાર ગેરરીતિઓ આચરવામાં આવે છે. જેમ કે બીસીસીઆઈ ઈતિહાસમાં પ્રથમ વાર ઝોનલ કેમ્પ (z-c) માટે પસંદગી પામેલ ખેલાડીને ટીમની બહાર રાખવામાં આવે જ નહી તેમ છતાં ખેલાડી જયવીરસિંહ પરમારને બહાર રાખવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા ક્રિકેટ અસો.ના ઈતિહાસમાં ૨૦ વર્ષ બાદ કોઈ ફાસ્ટ બોલર અંડર-૧૬ બીસીસીઆઈ દ્વારા શ્રેષ્ઠ દેખાવ બદલ ઝોનલ-કેમ્પ માટે પસંદગી પામ્યો છે જે ગૌરવની વાત છે. બીજી તરફ ગુજરાત ક્રિકેટ એસોસીએશનના કેટલાક પદાધિકારી અને કોચ કિન્નાકોરી અને સગાવાદની નીતિને કારણે વારંવાર અંડર-૧૯ની ટીમમાંથી ગાંધીનગરના હોનહાર જયવીરસિંહની બાદબાકી કરી રહ્યા છે અને આશાસ્પદ ફાસ્ટ બોલરની કારકિર્દીને ખતમ કરવાનો ખતરનાક ખેલ ખેલી રહ્યા છે. તેમ છતાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશનના પદાધિકારીઓ ગુનાહિત મૌન ધારણ કરીને બેઠા છે તે ચિંતાની બાબત છે ત્યારે હવે રમતમાં સગાવાદ નીતિ બંધ કરવા ફરિયાદો ઉઠવા પામી છે. આમ ગાંધીનગરના હોનહાર ક્રિકેટરના પિતાએ ફરિયાદ કરી છે.



## સંયુક્ત વાણિજ્યવેરા કમિશનરશ્રીની કચેરી, વિભાગ-૩, ગાંધીનગર ખાતેનાં મોટી વસુલાતના બાકી કેસોની યાદી

| ક્રમ | વેપારીનું નામ, નોંધણી નંબર, ધંધાના સ્થળનું સરનામું | માલીક/ભાગીદાર/ડીરેક્ટરના નામ-સરનામા (રેકર્ડ મુજબ) | આકારણી વર્ષ | બાકી રકમ |
|---|---|---|---|---|
| ૧ | એલીયન્ટ ઈન્ડ્રસ્ટીઝ પ્રા. લી.<br>નો.નં. ૨૪૦૬૦૩૦૪૦૧૭<br>૧૦૧-સહજાનંદ કોમ્પલેક્ષ,<br>પહેલો માળ, ન્યુ શ્રીજી રોડ,<br>શુકન બંગલોઝ નજીક, ચાંદખેડા | (૧) વિશ્વેશ દવે, (૨) ગીતા દવે<br>પ્લોટ નં. ૮૭૧/પી, યશોધન<br>ડ્રાયલીન સિનેમા નજીક, સિલવાસ | ૨૦૧૦-૨૦૧૧ | ૧૮૯૨૩૫૭૭૭ |
| ૨ | પેન્ટીયમ ઈન્ફોટેક લી.<br>નોં.ન. ૨૪૦૬૦૩૦૨૩૪૬<br>પ્લોટ નં. ૯૦૮, જી.આઈ.ડી.સી.<br>એન્જિનિયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮<br>ગાંધીનગર - ૩૮૨૦૨૮ | (૧) પારસમલ ભગરાજ કાનુગો<br>(૩) સુમેર ભારજ કાનગો<br>(૪) રેશમીબેન પરસમલ કાનુગો<br>૨૬, જવાહર સોસાયટી, આર.વી.<br>દેસાઈ રોડ, વડોદરા-૩૯૦૦૦૪<br>(૨) બાબુલાલ ભગરાજ કાનુગો<br>ભંસલ બિલ્ડીંગ, સીપી ટાંક રોડ, મુંબઈ | ૨૦૦૪-૨૦૦૫<br>૨૦૦૫-૨૦૦૬<br>૨૦૦૬-૨૦૦૭ વેટ<br>૨૦૦૬-૨૦૦૭ સીએસટી<br>૨૦૦૭-૨૦૦૮ વેટ<br>૨૦૦૭-૨૦૦૮ સીએસટી<br>૨૦૦૮-૨૦૦૯ | ૨૫૮૬૯૦<br>૫૧૨૦૯૪૬<br>૪૬૩૬૫૩૫૨<br>૬૪૬૪૬૯૮૬<br>૧૧૫૭૬૨૫૯<br>૧૩૪૨૫૬૦૪<br>૩૧૦૬૪૮૬૫ |
| | | | ટોટલ --------> | ૧૭૨૪૫૮૭૦૨ |
| ૩ | હિરેક બાયોટેક -<br>નોં.નં. ૨૪૦૬૦૩૦૨૩૪૮<br>પ્લોટ નં. ૯૦૮, જી.આઈ.ડી.સી<br>એન્જિનિયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮<br>ગાંધીનગર - ૩૮૨૦૨૮<br>ધંધાના સ્થળ બદલેલ સરનામું : એ-વીંગ<br>૪-માળ, મરડીયા પ્લાઝા, સી.જી. રોડ<br>અમદાવાદ | (૧) શાહ પ્રતિક રમેશચંદ્ર<br>(૨) પીલર પ્રતિકભાઈ શાહ<br>(૩) સુનંદા રમેશચંદ્ર શાહ<br>૧૨-નરેશપાર્ક, શાંતિનગર,<br>અમદાવાદ-૩૮૦૦૧૩<br>(૪) નિકીતા બલદેવભાઈ દવે<br>૪૩૧-૪૩૨, દેવકૃપા, ગોતા ગામ<br>મુ. અમદાવાદ-૩૮૦૦૧૩<br>(૫) ધુમલ કિશોર વાડીયા<br>યુ-૮૪, સેટેલાઈટ કોમ્પલેક્ષ,<br>માનસી કોમ્પલેક્ષની પાસે,<br>સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫<br>(૬) લલીતકુમાર કાંતિલાલ રાઠોડ<br>૨૪૬/૯, મણીબા સેટલમેન્ટ, ઈટવાડા,<br>સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮<br>(૭) અનુપ શિવપ્રસાદ મુંન્દ્રા<br>એમ-૪, સૌંદર્ય એપાર્ટમેન્ટ, ઘાટલોડિયા,<br>અમદાવાદ-૩૮૦૦૬૧ | ૨૦૦૬-૨૦૦૭<br>૨૦૦૭-૨૦૦૮<br>૨૦૦૮-૨૦૦૯ | ૫૮૭૭૫૬૪૨<br>૪૮૦૭૪૫૮૩<br>૨૮૬૪૭૩૭૯ |
| | | | ટોટલ --------> | ૧૩૫૪૯૭૬૦૪ |
| ૪ | મહેસાણા સ્ટીલ સપ્લાયર્સ<br>નોં.નં. ૨૪૦૫૦૭૦૧૮૪૭<br>મહિલા આર્ટસ કૉલેજ સામે,<br>મુ.સવગઢ, તા. હિંમતનગર<br>જી. સાબરકાંઠા,<br>પીનકોડ નંબર-૩૮૩૦૦૧ | માલીકશ્રી ભરતકુમાર જયંતીલાલ પટેલ<br>(૧) સરનામું : પ્લોટ નં. ૫૭,<br>સર્વે નંબર-૬૯, બ્રહ્માણીનગર,<br>ચેહરકૃપા સોસાયટી, મહેતાપુરા<br>તા. હિંમતનગર, જી. સાબરકાંઠા<br>પીનકોડ નંબર : ૩૮૩૦૦૧<br>(૨) સરનામું : મુ. પો. ધારીસદન,<br>અંબાજી પરા, મહેસાણા-૩૮૪૦૦૨ | ૨૦૦૮-૨૦૦૯ | ૮૩૧૨૨૧૨૯ |
| ૫ | મલ્ટીમીડીયા ફ્રન્ટીયર્સ લી.<br>નોં.નં. ૨૪૦૬૦૩૦૦૮૮૦<br>સી-૬, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ<br>જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫<br>ગાંધીનગર-૩૮૨૦૪૪ | (૧) પ્રતિપતિ શ્રીનિવાસ<br>પ્લોટ નં. ૧૪૪, કમલપુરી કોલોની<br>હૈદ્રાબાદ-૫૦૦૮૭૩<br>(૨) કસ્તુરી વેકટ સુબ્બારાવ<br>SBI કોલોની, ગાંધીનગર,<br>હૈદરાબાદ-૫૦૦૩૮૦ | ૨૦૦૬-૨૦૦૭<br>૨૦૦૮-૨૦૦૯ (વેટ)<br>૨૦૦૮-૨૦૦૯ સીએસટી | ૪૧૫૫૪૦૭૫<br>૯૪૦૮૧૩૧<br>૨૨૨૯૬૮૭૬ |
| | | | ટોટલ --------> | ૭૩૨૫૯૦૮૨ |
| ૬ | સોનીયા એન્ટરપ્રાઈઝ<br>નોં. નં. ૨૭૭૦૩૦૨૦<br>પ્લોટ નં. સી/૧૨/૧૪ જી.આઈ.ડી.સી.<br>છત્રાલ, તા. કલોલ, જી. ગાંધીનગર | શ્રી સુરેન્દ્રભાઈ ફોજદારસિંહ રાજપુત<br>૩૧/અમલતાસ બંગ્લોઝ, બોડકદેવ<br>સારથી હોટલ પાસે, મુ. વસ્ત્રાપુર<br>અમદાવાદ | ૧૯૯૧/૯૨ થી<br>૧૯૯૬/૯૭ | ૪૧૫૬૯૦૪૬ |
| ૭. | મિહિર દેવાંશી પ્રોટીંસ પ્રા. લી.<br>નોં.નં. ૨૪૦૬૦૧૦૨૭૩૮<br>પ્લોટ નં. ૫૫૫, રકનપુર, તા. કલોલ<br>જી. ગાંધીનગર | (૧) મોદી મેહુલ મહેન્દ્રભાઈ<br>(૨) મોદી મુકેન્દ્રભાઈ દશરથભાઈ<br>(૩) મોદી મિહીરકુમાર મુકેન્દ્રભાઈ<br>(૪) મોદી જ્યોત્સનાબેન મુકેન્દ્રભાઈ<br>(૫) મોદી પુર્વીબેન મેહુલકુમાર<br>(૬) મોદી દિશાબેન મુકેન્દ્રભાઈ<br>૧૪૪, સી.પી.નગર વિભાગ-૨,<br>ઘાટલોડીયા, અમદાવાદ<br>(૭) મોદી મૌલિકાબેન દેવાંગકુમાર<br>૬, જલવિહાર, SBI સોસાયટી,<br>પાલડી, અમદાવાદ | ૨૦૧૦/૧૧ | ૩૭૨૭૯૫૧૯ |
| ૮. | ગણેશ એગ્રો પ્રોડક્ટસ<br>નોં.નં. ૨૪૦૫૦૭૦૩૫૭૮<br>દુકાન નંબર-૪૮, અશોક વાટીકા<br>કોમ્પલેક્ષ, છાપરીયા વિસ્તાર,<br>હિંમતનગર, પીનકોડ નંબર-૩૮૩૦૦૧ | માલીકશ્રી ડાહ્યાભાઈ ભીખાભાઈ પટેલ<br>સરનામું : મુ. પો. પલીયડ<br>તા. કલોલ, જી. ગાંધીનગર<br>પીનકોડ નંબર - ૩૮૨૭૩૫ | ૨૦૧૦-૧૧<br>૨૦૧૧-૧૨ | ૧૨૩૨૮૭૯૮<br>૨૩૭૫૯૩૨૨ |
| | | | ટોટલ --------> | ૩૬૦૮૮૧૨૦ |
| ૯ | ગાયત્રી ટ્રેડીંગ કંપની<br>નોં.નં. ૨૪૦૬૦૧૦૦૫૫૧૭<br>૫૦, માર્કેટયાર્ડ, કલોલ<br>જી. ગાંધીનગર | ભાગીદાર : (૧) અમરતલાલ બબલદાસ<br>પટેલ, ૮, પ્રયાગરાજ એપાર્ટમેન્ટ<br>સરદારબાગ પાસે, કલોલ, જી.ગાંધીનગર<br>(૨) નટવરભાઈ ભીખાભાઈ પટેલ<br>પ્રયાગરાજ એપાર્ટમેન્ટ, સરદાર બાગ<br>પાસે, કલોલ, જી. ગાંધીનગર | ૨૦૦૮/૨૦૦૯<br>૨૦૧૦/૧૧ | ૨૭૫૨૯૬૫૮<br>૨૧૬૩૩૪૨ |
| | | | ટોટલ --------> | ૨૯૬૯૩૦૦૦ |
| ૧૦ | પરમેશ્વર સ્ટીલ<br>નોં.નં. ૨૪૦૬૦૧૦૩૧૦૭<br>પ્લોટ નં.૫૧૫/સી/૧ ફેજ-૧,જી.આઈ.ડી. સી.,<br>છત્રાલ, તા. કલોલ, જી. ગાંધીનગર | દુબે કેદારભાઈ દિનબંધુ<br>૬/યાદવ સોસાયટી, તુલસીપુડા<br>ભાડુંપ, મુંબઈ | ૨૦૦૬/૦૭ | ૨૩૦૦૯૫૫૪ |

માહિતી/૨૨૭૪/૨૦૧૬-૧૭